નં.ડીએમ/લોકમેળો/પ્રવેશબંધી/૦૧/૨૦૨૪
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર
તા.૨૩/૦૮/૨૦૨૪

ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧)(ખ) હેઠળનું જાહેરનામું

પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત અનુસાર જામનગર શહેરમાં જન્માષ્ટમીના તહેવાર નિમિતે નવતનપુરીધામ ખીજડા મંદિરથી પ્રસ્થાન કરી ચકલા મંદિર, સેન્ટ્રલ બેંક, બર્ધન ચોક, દરબાર ગઢ, ચાંદીબજાર, ગણેશ ફળી, પ્રાણનાથ મેળી મંદિર, સજુબા સ્કુલ, ચૌહાણ ફળી, પંજાબ નેશનલ બેંક, ખાદી ભંડાર, બેડીગેઇટ, પંચેશ્વર ટાવર, કંદોઇની વાડી, જુની ભંગાર બજાર, હવાઇ ચોક સુધીના રોડ ઉપર તા.૨૬/૦૮/૨૦૨૪ ના સવારના ૦૮:૦૦ કલાકથી બપોરના ૧૫:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન મટકીફોડ શોભાયાત્રા નિકળનાર હોય જેથી વાહનો તથા લોકોની ખુબજ અવર–જવરના લીધે ટ્રાફીક રહેવા પુરતો સંભવ છે જેથી શહેરમાં પ્રવેશતા ભારે વાહનો કાલાવડ નાકા બહાર મહાપ્રભુજીની બેઠક પાસેથી અન્નપુર્ણા ચોકડી તરફથી રીંગ રોડથી સુભાષ બ્રિજ થઇ ટાઉન હોલ તરફ ડાયવર્ટ કરવા તેમજ જુની દિગ્વિજય પ્લોટ પોલીસ ચોકી ઓશવાળ હોસ્પીટલથી પવનચક્કી, સાધના કોલોની, લાલપુર બાયપાસ તરફ ડાયવર્ટ કરવાનું તેમજ રસ્તો બંધ કરવા અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત રજુ કરેલ છે.

જેથી હું, **બી.કે.પંડ્યા, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો,** જામનગર ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

જામનગર શહેરમાં **તા.૨૬/૦૮/૨૦૨૪ ના રોજ સવારના ૦૮.૦૦ કલાક થી બપોરના ૧૫.૦૦ કલાક સુધી** એમ કુલ ૭ (સાત) કલાક માટે દિગ્વિજય પ્લોટ જુની પોલીસ ચોકી સર્કલથી મહાપ્રભુજી બેઠક સુધીના રસ્તા પર તમામ પ્રકારના ભારે વાહનો(બસ/ટ્રક) માટે વાહનવ્યવહાર બંધ રહેશે. ભારે વાહનો માટે અવર–જવર માટે વૈકલ્પીક વ્યવસ્થા નીચે મુજબની રહેશે.

–: વૈકલ્પીક રૂટ :–

દિગ્વિજય પ્લોટ જુની પોલીસ ચોકી સર્કલ ઓશવાળ હોસ્પીટલથી પવન ચક્કી થઇ સાધના કોલોની લાલપુર બાયપાસ તરફનો ડાયવર્ઝન રૂટ (ભારે વાહનો માટે)

–: અપવાદ:–

આ જાહેરનામું જન્માષ્ટમીના તહેવાર નિમિતે કામગીરીમાં રોકાયેલ સરકારી વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર વિભાગના વાહનોને લાગુ પડશે નહી.

...૧...

આ જાહેરનામું તાત્કાલીક અસરથી અમલમાં લાવવું જરૂરી હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧-ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે સંબંધિત થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની જાહેર જનતાને જાણ થાય તે રીતે નાયબ કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર તથા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરએ તેની બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે. રસ્તાઓના અગ્રભાગે જાહેર જનતાને સરળતાથી જાણકારી મળી રહે તે મુજબના બોર્ડ નાયબ કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગરએ મુકવાના રહેશે.

આજ તા.૨૩ માહે : ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

(બી.કે.પંડ્યા)
જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના :-

૧. કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર
૨. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર .
૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.
૪. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર).
૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર (શહેર)
૬. મામલતદારશ્રી, જામનગર (શહેર)
૭. સીટી એન્જીનિયરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર
૮. પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ટ્રાફીક શાખા, જામનગર
૯. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.વિભાગ, જામનગર
૧૦. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર (૨ નકલો સાથે)
.....સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.
૧૧. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
.....ઉકત જાહેરનામાંની ૨ નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ (બે) .નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ (પાંચ)કરી ગેઝેટની ૫
૧૨. શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં
.....ઉકત જાહેરનામાંના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રેરીયલ શાખામાં પહોંચતી કરવા સારૂ.
૧૩. સિલેકટ ફાઈલે

નકલ સવિનય રવાના -:
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.